# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

ખૂણો જોઇ વ્યસનીઓ, પિચકારી, થૂંક મારે છે,
ધૂમાડો જોઇ, સત્તાનો, તકવાદી, ફૂંક મારે છે
બનાવે ઊંટ યુધ્ધનું, મોખરે રાખી, અસંતુષ્ટો -
ભરાઇ જાય પેટ ત્યારે ગર્દભો ભૂંક મારે છે..
(કેશુભાઇ ને બંગલે અવરજવર વધી!?)

## હાઇકુ

આપી દો નામ,
'સચિવાલય' ને જ
'ખાનગી પેઢી'

ફોલી ખાવાનું,
ખાનગી પેઢી માટે
સુવિધા કેન્દ્ર

(સરકાર ની સેવા-ફરજોનું ખાનગીકરણ)

## ચિંતન

**કસ્ય ચિત્કિમપિ નો હરણીયં મર્મવાક્યમપિ નોચ્ચરણીયમ્ ।**
**શ્રીપતેઃ પદયુગ્મં સ્મરણીયં લીલયા ભવજલં તરણીયમ્ ॥**

'કોઇનું કંઇ છીનવી ન લેવું, કોઇનું કંઇ હરણ ન કરવું, કાળજું કોરી નાખે એવું મર્મ ભેદી વચન ન ઉચ્ચારવું, કટુ વાણી ન બોલવી, ભગવાન વિષ્ણુ (લક્ષ્મીપતિ) ના ચરણ કમળનું ધ્યાન ધરી, તેનાં સ્મરણમાં જ આ ભવસાગર તરી જવો.'

આજ-કાલ કોઇની જમીન-પ્લોટ-મકાન કોઇ માલિક થઇ, બેસી જાય છે બનાવટી દસ્તાવેજો થઇ, ખોટાં કાર્ડથી બેન્કોની રકમ ઉપડી જાય છે. અરે! આખે આખા એટીએમ ઉપડી જાય છે! 'ચેન' સ્નેચર ગળામાંથી ચેન તોડી લે! વૃધ્ધાઓના દાગીના ઉતરાવી લે, સોનું ધોવાઇ જાય! આ વૃત્તિ આજના જમાનામાં ખૂબ ફૂલી-ફાલી છે.

આજકાલ આપણે બોલવામાં એવાં બેફામ થતાં જઇએ છીએ કે આપણા એક શબ્દથી સામેની વ્યક્તિનાં ચિત્તમાં કેવા ચીરા પડશે, હૃદય ચિત્કાર કરી ઉઠશે, એનો તો આપણે જરા પણ વિચાર કરતા જ નથી. વાણી પર પોતાનો સંયમ રાખવો જોઇએ. વિનય-નમ્રતા-પ્રેમથી બોલાયેલા શબ્દો શાંતિ અને સુખદાયક બને છે.

વિનય-નમ્રતાથી વાણીવિલાસ પર કાબૂ રાખી, જે મળ્યું છે જે તેમાં સંતોષ રાખી કોઇનું કંઇ છીનવી લીધાં વિના ઇશ્વર ચિંતન કરવું અને પરમ શાંતિમાં રહેવું.

## સુવિચાર

- એકબીજાના પૂરક બનો, શોષક નહીં, તારક બનો મારક નહીં, ઉપકારક બનો, અપકારક નહીં - **રંગ અવધૂત**
- જે મન અસત્યમાં સપડાયું છે તે મન સત્યને કદાપિ જાણી શકતું નથી- **જે. કૃષ્ણમૂર્તિ**
- મન દ્વારા જીવનની બધી સમસ્યાઓ સમજી શકાતી નથી. કેમ કે, મન ભૂતકાળમાં જ્ઞાન-માહિતી-અનુભવોથી મર્યાદિત બનેલું છે - **રોહિત મહેતા**
- મનનું પણ પેટ જેવું છે તમે એમાં કેટલું ભરો છો એ મહત્ત્વનું નથી પણ એ કેટલું પચાવે છે એ મહત્ત્વનું છે - **સ્વામી ચૈતન્ય**
- મન જો એટલી વસ્તુ સ્વીકારી લે કે પોતે કંઇ જ જાણતું નથી તો જે જગતની અનેક ગૂંચવણો ઉકલી જાય - **માતાજી**
- મન જો કોઇ માન્યતાને ખીલે બંધાયેલું હોય તો તેનો વિકાસ રૂંધાય છે- **એસ. ભટ્ટાચાર્ય**

## બોધકથા

સ્ત્રી, પત્ની કેવા ધનિક પરિવારની પુત્રી છે કે કેટલું કમાય છે, અથવા સૌંદર્યવાન રૂપ સુંદરી હોય ત્યારે અભિમાની હોઇ છે, પરિવાર અને પતિને તુચ્છ માની તેમની સાથે ઉધ્ધત વર્તાવ કરનારી હોય છે, જયારે ગરીબ ઘરની, સરળ-સીધી-ભીને વાનની સ્ત્રી નમ્ર અને વિવેકી સ્ત્રી પરિવારમાં 'પ્રિય' થઇ શકે છે.

ચીનના ધર્મ ચિંતક અને ધર્મગુરુ લાઇ હત્સુ એકવાર પ્રવાસમાં, એક ધર્મશાળામાં રોકાયા હતા, ધર્મશાળાના મુનિમને બે પત્ની હતી.

હત્સુ એ પોતાના બે દિવસના રોકાણ દરમિયાન જોયું તો એ એટલું સમજ્યા કે મુનિમ તેની બે પત્ની સાથે ભેદભાવ પૂર્ણ વર્તન કરતો હતો.

એકની ખૂબ ઉપેક્ષા કરતો, તેની વાત ન સાંભળી અપમાનિત કરતો. વાત કરે તો પણ રૂક્ષતા દેખાઇ આવતી હતી, જયારે બીજી પત્ની સાથે હસીને, પ્રેમથી નમ્રતાની વાત કરી જવાબ આપતો કે એવું વર્તન કરતો હતો.

સંત હત્સુને આશ્ચર્ય થયું. એણે મુનિમને પોતાના આ નિરીક્ષણનું કારણ પૂછ્યું.

મુનિમ કહે, તમારી વાત સાચી છે, મારી સૌંદર્યવાન પત્ની જક્કી સ્વભાવની, હઠીલી અને અભિમાની છે. જયારે બીજી પત્ની નમ્ર-વિવેકી અને સેવાભાવી છે.

ધન અને રૂપનું અભિમાન સદ્‌ગુણો ને બાળી નાખે છે, નમ્રતા અને વિવેકથી દાંપત્ય દીપી ઊઠે છે.

# સંસ્કૃત અને સ્વામી વિવેકાનંદ 'શિક્ષણ અને સંશોધન'

પ્રો. ડો. અંબાલાલ પ્રજાપતિ

**સ્વામી વિવેકાનંદની વિશેષતા એ રહી કે સંસ્કૃત સાહિત્યમાંથી તેમણે શ્રેષ્ઠ વિચારો જ પસંદ કર્યા, જે વિચારોમાં ઊંઘતાને જગાડવાની, જાગેલાને બેઠા કરવાની અને બેઠેલાને દોડતો કરવાની ક્ષમતા હતી તેવા વિચારોને જ પ્રાથમિકતા આપી**

સંસ્કૃત ભાષા અને સાહિત્ય માત્ર ભારતનો જ નહિ પરન્તુ વિશ્વનો અમૂલ્ય નિધિ છે. વિશ્વનું એ સૌથી પ્રાચીન સાહિત્ય હોવાને નાતે ધર્મ, સંસ્કૃતિ, ઇતિહાસ, ભાષા, શિક્ષણ, કલા, વિજ્ઞાન, સમાજ, રાષ્ટ્ર કે જીવન મૂલ્યોની દૃષ્ટિએ તેનું અધ્યયન અને અધ્યાપન એટલું જ પ્રસ્તુત છે. વાત ભાષાઓનો ઉદ્‌ગમ કે વિકાસની હોય, સંસ્કૃતિઓની ઉત્પત્તિ કે જાળવણીની હોય સંસ્કૃત ભાષા કે સાહિત્યને કેન્દ્રમાં રાખ્યા સિવાય આગળ ન વધી શકાય. વર્તમાનમાં ગ્લોબલાઇઝેશન, પ્રાઇવેટાઇઝેશન તેમજ લીબ્રરાલાઇઝેશનના વિચારો વૈદિક ઋષિઓએ આપેલા પાયાના સિધ્ધાંતોને ધ્યાનમાં ન લે તો તે કશું નક્કર પરિણામ ન લાવી શકે. વળી વિશ્વના કોમ્પ્યુટર વૈજ્ઞાનિકો સંસ્કૃતને કોમ્પ્યુટર માટે યોગ્યતમ ભાષા જાહેર કરે ત્યારે યુગપુરુષ સ્વામી વિવેકાનંદનો આ મહાન ભાષા અને તેના સાહિત્ય વિશે કેવા અભિગમ હતો તે જાણવાનું કુતૂહલ દરેક ભારતવાસી સંસ્કૃત પ્રેમીને થાય.

સંસ્કૃત ભાષા અને સાહિત્યનો વિષય લઇને સ્વામીજીએ કોઇ પ્રગટ વાત કરી હોય તેવું ધ્યાનમાં નથી પરંતુ તેમણે લખેલા લેખો, પ્રવચનો, વાર્તાલાપો કે કાવ્યોમાં આવતાં સંસ્કૃત ઉદાહરણને આધારે આ વિશે જાણી શકાય છે. સૌ પ્રથમ તો તેમણે સંસ્કૃતમાં તેમણે કાવ્યો લખ્યા છે અને સંસ્કૃત ગ્રંથો પર ટીકા પણ લખી છે. પોતાના ગુરુ સ્વામી રામકૃષ્ણ પરમહંસના મહિમાનું ગાન કરતાં બે સંસ્કૃત સ્તોત્ર કાવ્યોની રચના કરી છે. પતંજલિના પ્રસિધ્ધ યોગસૂત્રો પર અદ્‌ભૂત ટીકા પર લખી છે. આ બાબત તેમના સંસ્કૃતભાષા પરના પ્રભુત્વની પ્રતીતિ કરાવે છે.

ભગિની નિવેદિતાએ એક જગ્યાએ નોંધ્યું છે કે, સ્વામીજીની જીવન દૃષ્ટિના વિકાસમાં ત્રણ બાબતોએ કદાચ મહત્ત્વનો ફાળો આપ્યો હતો.

૧. સંસ્કૃત અને અંગ્રેજીના ગ્રંથોમાં અભ્યાસ.
૨. ગુરુ રામકૃષ્ણ પરમહંસ
૩. માતૃભૂમિ

તેઓ આગળ જણાવે છે કે, સંસ્કૃત અને અંગ્રેજીના ગ્રંથોના અભ્યાસને કારણે તેઓ બે સંસ્કૃતિઓ વચ્ચેના તફાવતને સ્પષ્ટ જોઇ શક્યા. વિશેષમાં સંસ્કૃતના પવિત્ર ગ્રંથોમાં નિરૂપાયેલા વૈજ્ઞાનિક સિધ્ધાંતોએ તેમની દૃષ્ટિને પૂર્ણતા બક્ષી. એમ કહી શકાય કે સ્વામીજીએ જીવનને જાણવાનો, સંસ્કૃતિઓને માપવાનો, મહાપુરૂષો કે તેમના વિચારોને મૂલવવાનો માપદંડ મળ્યો ઉપનિષદોની અનંત યાત્રામાંથી. આકાશમાં ઊંચે ઉડતી સમડી પૃથ્વી પરના પોતાના આહારને સ્પષ્ટ જોઇ શકે છે. તેમ સ્વામીજીએ વેદાંતના શિખરો પર વિહાર કરતાં કરતાં જગતનું સ્પષ્ટ દર્શન કર્યું. આ વેદાંત જ મોટાભાગનાં તેમનાં પ્રવચનોનો આધારસ્તંભ સાબિત થયું.

સ્વામી વિવેકાનંદની વિશેષતા એ રહી કે સંસ્કૃત સાહિત્યમાંથી તેમણે શ્રેષ્ઠ વિચારો જ પસંદ કર્યા. જે વિચારોમાં ઊંઘતાને જગાડવાની, જાગેલાને બેઠા કરવાની અને બેઠેલાને દોડતો કરવાની ક્ષમતા હતી તેવા વિચારોને જ પ્રાથમિકતા આપી. તેઓને સમજાઇ ગયું હતું કે આત્મ વિસ્મૃતિમાં ડૂબી ગયેલા સમાજને ચેતનવંતો કરવા, તેના પ્રસાદ, આળસ અને અંધશ્રધ્ધા પર જનોઇવઢ ઘા કરવા ઉપનિષદોનાં મંત્ર સમાન બીજું કોઇ શસ્ત્ર ન હતું. તેથી જ તેમણે કઠોપનિષદના પ્રસિધ્ધ મંત્રને સમાજનો જીવનમંત્ર બનાવ્યો અને કહ્યું, 'ઉત્તિષ્ઠત જાગ્રત પ્રાપ્ય વરાન્ નિબોધતા', 'ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો. 'મા ભૈષીઃ' ડરો નહીં. જાણ કોઇ વૈદિક ઋષિનો નવો અવતાર ન હોય! આજે પરસ્પર દ્વેષ કરતાં, એકબીજાના અસ્તિત્વને મીટાવી દેવાની ધમકીઓ ઉચ્ચારતા ધર્મો, સંસ્કૃતિઓ અને જાતિઓને - 'એક સદ્ વિપ્રા બહુધા વદન્તિ ।' 'સત્ય એક જ છે, વિદ્વાનો તેને જુદી જુદી રીતે વર્ણવે છે.' - એ મંત્ર જીવનમાં ઉતારી જગતને સ્વર્ગ બનાવવાની અપીલ કરી. વૈદિક સાહિત્યે વિવેકાનંદના વિચારોને જે ધાર આપી તેને આધારે તેમણે પૂર્વ અને પશ્ચિમના જડવાદી વલણોને ધ્વસ્ત કર્યા અને વિશુધ્ધ ધર્મ અને સંસ્કૃતિના ધ્વજને ફરકતો કર્યો.

વેદો અને ઉપનિષદોમાં અનંતને પામવા જે ભાષાનો પ્રયોગ થયો છે તે બરાબરી કરી શકે તેવી ભાષા વિશ્વના કોઇ સાહિત્યમાં દુર્લભ છે. મિલ્ટન, દાન્તે, હોમર અથવા કોઇપણ પ્રાશ્ચાત્ય કવિને લો. તેમની રચનાઓમાં ભવ્ય અને અદ્‌ભુત ફકરાઓ છે, પણ ત્યાં હંમેશાં અનંતને ઇન્દ્રિયો દ્વારા ગ્રહણ કરવાનો પ્રયત્ન છે. વેદ કે ઉપનિષદોના ઋષિઓને એ વાત સારી પેઠે સમજાઇ ગઇ હતી કે બાહ્ય પ્રકૃતિ અનંતની અભિવ્યક્તિ કરી શકે નહીં. તેથી ઉપનિષદોમાં ભાષાએ નવું સ્વરૂપ લીધું. એ સ્વરૂપમાં તમારી ઇન્દ્રિયો અનંતનું ગ્રહણ ન કરી શક્તી હોય છતાં તમને તે અનંતની પ્રતીતિ થયા વગર ન રહે. ઉદાહરણ તરીકે કઠોપનિષધમાં પરમતત્વનું વર્ણન કરતાં કહ્યું છે, 'ન તત્ર સૂર્યો ભાતિ ન ચન્દ્રતારકં નેમે વિદ્યુતો ભાન્તિ કુતોડયમગ્નિઃ।' અર્થાત્ ત્યાં સૂર્ય પ્રકાશી શકતો નથી. ચંદ્ર કે તારા પ્રકાશી શકતા નથી. વીજળી પણ ત્યાં પ્રકાશી શકતી નથી. પછી આ સામાન્ય અગ્નિની તો વાત જ શી? અહીં પરમ તત્ત્વ કે અનંત જે અવ્યક્ત છે તે ઇન્દ્રિયોથી પામી શકાતું નથી. પણ કવિએ પ્રયોજેલી ભાષા કે અવ્યક્ત પરમતત્ત્વને વ્યક્ત કરી આપે છે. તેની અનુભૂતિ થયા વિના રહેતી નથી. આવાં તો અસંખ્ય ઉદાહરણો વેદો અને ઉપનિષદોમાંથી ટાંકી શકાય તેમ છે. ક્યારેક તો સ્વામીજીના લેખો અને પ્રવચનોમાં સંસ્કૃતના ઉદાહરણોનો ધોધ વહેતો હોય ત્યારે સંસ્કૃતના વિદ્વાનને લાગ્યા વિના ન રહે કે વિવેકાનંદ સંસ્કૃત ભાષા અને સાહિત્યનું કેવું ગહન અધ્યયન અને પરિશીલ કર્યું હશે! ત્યારે પ્રશ્ન એ થાય કે સ્વામીજીએ સંસ્કૃતના વિકાસ કે શાસ્ત્રોના રક્ષણ માટે કેમ કોઇ યોજના ન વિચારી? શક્ય છે કે તેમના અદીર્ઘ આયુષ્યની અવધિમાં આ વિચાર તેઓ અમલમાં મૂકી ન શક્યા હોય. પણ આ વિશે તેમણે વિચાર કર્યો ન હતો એવું નથી. તેઓ એક પ્રસંગ નોંધીએ.

ઇ.સ. ૧૯૦૧નો ડિસેમ્બર મહિનો હતો. કલકત્તામાં કોંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન હતું. અધિવેશનમાં ભાગ લેવા કોંગ્રેસના ઘણા બધા કાર્યકર્તાઓ આવ્યા હતા. ગાંધીજી અને જવાહરલાલ પણ આવ્યા હતા. અધિવેશન પૂરું થયા પછી ગાંધીજીએ સ્વામીજીને મળવા માટે સારવાર માટે કલકત્તા ગયા છે. મિલન અધૂરું રહ્યું. પણ જે જે નેતાઓ સ્વામીજીને મળ્યા તેમની સાથે દેશ વિશે ખુલ્લા મને ચર્ચા થઇ. સ્વરાજ પ્રાપ્તિ થાય તો આર્ય સંસ્કૃતિ અને સંસ્કૃત ભાષા જાળવી રાખવાનો પ્રસ્તાવ મૂક્યો. વૈદિક ગ્રંથોના અભ્યાસ અને રક્ષણ માટે વૈદિક યુનિવર્સિટીની સ્થાપનાની દરખાસ્ત રજૂ કરી. સંસ્કૃત ભાષા અને સંસ્કૃત સાહિત્યના અમૂલ્ય ગ્રંથોની જાળવણી માટે તેઓ કેટલા જાગૃત હતા તેનું આ પ્રમાણ છે.


સ્વામી વિવેકાનંદની ૧૫૦ની જન્મજયંતિ વર્ષે ગુજરાત સરકાર ગાંધીનગર - ગુજરાતને એક વૈદિક યુનિવર્સિટીની ભેટ આપી સ્વામી વિવેકાનંદના અધૂરા સ્વપ્નને પૂર્ણ ન કરી શકે? સંસ્કૃત સોમનાથ યુનિવર્સિટી રાજયસ્તરની યુનિવર્સિટી ભલે રહે પણ એક રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય કક્ષાની સંસ્કૃત યુનિવર્સિટીની સ્થાપના ન કરી શકાય? જે સંસ્કૃતના અભ્યાસ દ્વારા ધર્મને વિજ્ઞાન સાથે અને વિજ્ઞાનને ધર્મની સાથે જોડી વિશ્વને એક નવી દિશા આપે.

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

**૧૮મી મે**

**મહાન ચિંતક બર્ટ્રાન્ડ રસેલનો જન્મ**



મહાન ચિંતક અને સાહિત્ય સર્જક બર્ટ્રાન્ડ રસેલનો જન્મદિન ૧૮મી મે, ૧૮૭૨. તેમનું ચકચાર જગાવનારું પુસ્તક 'લગ્ન અને નીતિ'. ૯૭ વર્ષનાં ઉંમરમાં ચાર વાર લગ્ન કર્યા. ૧૯૫૦માં સાહિત્ય માટેનું નોબેલ પારિતોષિક, ૧૯૫૭માં કલિંગ પારિતોષિક એનાયત થયું. તા. ૩-૨-૧૯૭૦માં તેમનું અવસાન થયું. 'પ્રિન્સિપયા મેથમેટિકા' તેમનો ખ્યાતનામ ગ્રંથ છે.

- ૧૯૩૦માં મોરારજી દેસાઇ સરકારી નોકરી છોડીને સ્વરાજયની પ્રવૃતિમાં જોડાયા.
- મહાન વદુષી આલેર્ટ કોઝ - શુભદ્રા દેવીનો જન્મ ૧૮૯૫.
- કેળવણીકાર ડો. ઘોડાકરાવ કર્વે, ૧૯૮૫.
- પ્રસિધ્ધ કવિ નિરંજન ભગતની જન્મજયંતિ ૧૯૨૬.
- ભારતે ૧૯૭૪ની ૧૮મી મે એ પોખરણમાં અણુ ધડાકો કર્યો. અણુયુગમાં પ્રવેશ મેળવ્યો.
- કાંકરીયા તળાવ બંધાવનાર સુલતાન કુતુબુદ્દીનનું અવસાન.

# દુનિયાનો સૌથી પ્રથમ રાષ્ટ્રીય ઉધાન કયો છે?

## વિષય : પર્યાવરણ

(૧) ગુજરાતમાં નીચેનામાંથી કયા પ્રાણીઓ લુપ્ત થઇ ગયા છે?
(અ) હાથી (બ) ચિત્તો (ક) ગૌર (ડ) ઉપરના બધા જ.
(૨) વિશ્વ જૈવિક વિવિધતા દિવસ કયારે ઉજવાય છે?
(અ) ૨૯ ડિસેમ્બર (બ) ૩૧ માર્ચ
(ક) ૨૯ એપ્રિલ (ડ) ૨૩ ડિસેમ્બર
(૩) તાજેતરમાં કયા પશુને રાષ્ટ્રીય વિરાસત પશુ જાહેર કરવામાં આવ્યું છે?
(અ) સિંહ (બ) વાઘ (ક) ગાય (ડ) હાથી
(૪) કેન્દ્રના વન અને પર્યાવરણમંત્રી કોણ છે?
(અ) કપિલ સિબ્બલ (બ) અંબિકા સોની
(ક) જયરામ રમેશ (ડ) સચિન પાયલોટ
(૫) જળ પ્રદૂષણની સમસ્યાને ઓળખનાર પ્રથમ વ્યક્તિ કોણ હતી?
(અ) એરિસ્ટોટલ (બ) ટિલની (ક) સોક્રેટિસ (ડ) હિપોક્રેટસ
(૬) દુનિયાનો સૌથી પ્રથમ રાષ્ટ્રીય ઉધાન કયો છે?
(અ) મનુ રાષ્ટ્રીય ઉધાન (બ) વેનજોરી રાષ્ટ્રીય ઉધાન
(ક) યેલોસ્ટોન રાષ્ટ્રીય ઉધાન (ડ) યોસમાઇનટ રાષ્ટ્રીય ઉધાન
(૭) કયુ પ્રાણી અધિકત્તમ ઊંચાઇ વાળા વિસ્તારમાં રહે છે?
(અ) જંગલી યાક (બ) રેન્ડિયર (ક) ગોરાલ (ડ) યૂરિયલ
(૮) કયા દેશમાં ચૌપગુ પ્રાણીઓ સૌથી વધુ છે?
(અ) ચીન (બ) ભારત (ક) રશિયા (ડ) ઓસ્ટ્રેલિયા
(૯) મૂળભૂત રીતે પર્યાવરણ આંદોલનને કોણે પ્રેરણઆ આપી હતી?
(અ) જીન જેક્સ રૂસો (બ) હેનરી ડેવિડ થોરો
(ક) રોબર્ટ ઓવન (ડ) રશેલ કાર્શન
(૧૦) કયા દેશમાં પક્ષીઓના ગીતોને રેકોર્ડ કરીને સાંભળવાનો શોખ છે?
(અ) અમેરિકા (બ) કેનેડા (ક) રશિયા (ડ) ઓસ્ટ્રેલિયા
(૧૧) ચિપકો આંદોલનની આગેવાની કરનારી સંસ્થાનું નામ શું હતું?
(અ) દસોહલી ગ્રામ સ્વરાજ મંડલ (બ) વનરક્ષા સંસ્થા (ક) ગાંધી શાંતિ પ્રતિષ્ઠાન (ડ) વૃક્ષમિત્ર સંસ્થા
(૧૨) ભારતનું કયુ પક્ષી અભ્યારણ્ય એક સમયમાં રાજાનું શિકાર કેન્દ્ર હતું?
(અ) વેદ અરણ્યમ્ પક્ષી શરણસ્થલી (બ) ભરતપુર પક્ષી અભ્યારણ્ય (ક) ખીજડીયા પક્ષી અભ્યારણ્ય (ડ) નળ સરોવર
(૧૩) પર્યાવરણ કાનૂનની આંતરરાષ્ટ્રીય પરિષદ કયાં આવેલી છે?
(અ) બોન (બ) ટોકિયો (ક) દિલ્હી (ડ) લંડન
(૧૪) 'વૃક્ષ કોઇ પણ વાવે, વૃક્ષ પરનો હક્ક ધરતીને છે' - આ કયા દેશનો નારો છે?
(અ) કેનેડા (બ) ચીન (ક) ભારત (ડ) ડેનમાર્ક
(૧૫) કયા રાજયે પોતાના બધા પર્યટક વિશ્રામગૃણોને પક્ષી આધારિત નામો આપ્યાં છે?
(અ) અસમ (બ) હરિયાણા (ક) આંધ્ર પ્રદેશ (ડ) કેરળ




## ● વિવિધા ●

**વિષય :- ઉત્તર અમેરિકા ખંડના દેશો, રાજધાની અને વિસ્તાર**

| દેશ | રાજધાની | ક્ષેત્રફળ (હજાર ચો.કિ.મી.) |
|---|---|---|
| એલ સાલ્વાડોર | સાન આલ્વાડોર | ૨૧ |
| એટીંગા અને બાર્બુડા | સેન્ટ ઝોન્સ | ૦.૪ |
| કેનેડા | ઓટાવા | ૯૯૪૦ |
| કોસ્ટા રીકા | સાંગ હોસે | ૫૧. |
| કયૂબા | હવાના | ૧૧૦. |
| ગ્રનાડા | સેન્ટ જોર્જિસ | ૦.૩ |
| ગ્વાટેમાલા | ગ્વાટેમાલા સિટી | ૧૦૯. |
| જમૈકા | કિંગસ્ટન | ૧૧ |
| ડોમિનિકન પ્રજાસત્તાક | સેન્ટ ડોમિંગો | ૪૯. |
| ડોમિનિકા | રોઝો | ૦.૭૫ |
| નિકારાગ્વા | માનાગ્વા | ૧૩૦. |
| પનામા | પનામા સીટી | ૭૭ |
| બહામા ટાપુ | નેસો | ૧૪. |
| બાર્બેડોસ | બ્રિજટાઉન | ૦.૪ |
| બેલીઝ | બેલ્મોપેન | ૨૩. |
| મેક્સિકો | મેક્સિકો સીટી | ૧૯૫૮ |
| યુનાઇટેડ સ્ટેટ્સ | વોશિંગ્ટન | ૯૩૭૮ |
| સેન્ટ કિસ્ટ અને નેવિસ | બાસ્ટેર | ૦.૯૬ |
| સેન્ટ લૂસિયા | કેસ્ટ્રીઝ | ૦.૬ |
| સેન્ટ વિન્ટેસ અને ગ્રેનડીઝ | કિંગસટાઉન | ૦.૪ |
| હૈટી | પોર્ટ-ઓફ-પ્રિન્સ | ૨૮. |
| હોડ્યુરસ | ટેગૂસિગાલ્પા | ૧૧૨ |

### ગયા સપ્તાહનો સવાલ...?

તાજેતરમાં કયા રાજયના કયા મુખ્યમંત્રીનો હેલિકોપ્ટર દુર્ઘટનામાં આબાદ બચાવ થયો?
જવાબ - ઝારખંડના મુખ્ય પ્રધાન - અર્જુન મુંડા

### સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-

(૧) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૨) નટુભાઇ દરજી : પેથાપુર
(૩) જયેન્દ્રપ્રસાદ એન. પાઠક : ૬૨૦/૧, સે-૬બી
(૪) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૫) દીમન. વાય. આયરાબ : ૩૪૧/૪, સે-૧૩ડી
(૬) મહેશ એમ. જાદવ : સે-૩૦

### પૂછું એક સવાલ...?

(૧) યોગેશ. એલ. પટેલ : રાંધેજાથી
પ્રશ્ન - કઇ નહેર રાતા સમુદ્ર અને ભૂમધ્ય સમુદ્રને જોડે છે?
જવાબ - સુવેઝ નહેર
(૨) વ્યાસ મિતુલ. ડી : સે-૨૮થી
પ્રશ્ન - વોશિંગ્ટનમાં આવેલું અમેરિકન સંસ્થામાં કચેરીનું નામ શું છે?
જવાબ - પેન્ટાગોન

(અનુસંધાન પાના નં. ૬ પર)

## મા

ઈસુ ખ્રિસ્ત પાસે એક ભક્ત આવ્યો. આવતાવેંત ઈસુના પગ પકડી લીધા.

'ભગવાન તમારા ચહેરા પર શાંતિ છે એ મને આપો.'

ઈસુએ કહ્યું - 'લઈ લે.'

પેલો ભક્ત મૂંઝાયો - 'એમ નહીં, તમે મને એ શાંતિ આપો.'

ઈસુ કહે - 'જો મારો ઝભ્ભો, મારું પાત્ર, મારું કિસ્મત, મારી શાંતિ જે જોઈએ તે લઈ લે - હું ના નથી પાડતો.'

'ભગવાન મને મૂંઝવો નહીં - હું ખૂબ શ્રીમંત માણસ છું. તમે કહેશો તે આપીશ.'

ઈસુ કહે - 'તો એક કામ કર, તારી માને લઈને આવ.'

'મારી મા તો મૃત્યુ પામી છે.' 'એથી શું થયું? તું તો શ્રીમંત છે. શાંતિ ખરીદવા નીકળ્યો છે. તો મા નહીં ખરીદી શકે?'

'હાં, એય ખરું?' કહી એક ગરીબ વૃધ્ધા પાસે ગયો; 'માજી, તમે કહો એકલા પૈસા આપું પણ તમે મારી મા બનો.'

'બેટા, તું આ ગરીબ ડોશીને પૈસા આપીશ તો તારી ચાકરી કરીશ. તને રાંધીને ખવડાવીશ, હા, મા જે કંઈ કરે એ બધું જ કરી દઈશ.'

ધનિક તો એ વૃધ્ધાને લઈને ઈસુ પાસે આવ્યો : 'લ્યો, આ - મા લઈ આવ્યો.'

'વાહ! કેટલામાં ખરીદી?'

હજી એને પૈસા આપવાના બાકી છે પણ એ મારું ધ્યાન રાખશે. હું કહીશ ત્યારે મને વહાલ પણ કરશે.

ઈસુએ પેલી વૃધ્ધાને કહ્યું, 'મા, આ માણસ તો સાવ કંગાળ છે. એ તો જૂઠ્ઠું બોલીને તમને લાવ્યો છે. એ તમને ફૂટી કોડી પણ આપી શકે તેમ નથી. તમે એની મા થઈને શું કરશો?'

'કંઈ નહીં બેટા, એ મને મા કહીને લઈ આવ્યો છે. હું એની ચાકરી કરીશ, એનું ધ્યાન રાખીશ. મને 'મા' કહી છે. એટલે પૈસા ના આપી શકે એટલા કારણથી હું મોં ફેરવી લઉં? 'ચાલ બેટા હું વાસણ માંજીને કમાઈ લાવીશ અને તને રોટલા ભેગો કરીશ.'

પેલા ધનિકની આંખનાં પડળ ખૂલી ગયાં. એ આ વૃધ્ધાને પગે લાગ્યો.

કહે 'મા, હું ખરેખર કંગાળ છું. તે મને પ્રેમ આપ્યો. મને ન્યાલ કરી દીધો.'

ઈસુએ એ માણસને કહ્યું, 'લે, હવે તારે 'મા' ખરીદવાની જરૂર નથી. શાંતિ ખરીદવી છે?'

ઈસુના ચહેરા સામે જોઈ ધનિક બોલ્યો, 'ના, હવે મને શાંતિ પણ મળી ગઈ.'




## માતા

તમે કદી તમારે માને
તમારા માટે
પથારી પાથરતી જોઇ છે ખરી?
કેવી રીતે તે ચાદરને ખેંચે છે,
સીધી કરે છે
સુંવાળી સુંવાળી બનાવીને ખોસે છે
કે જેથી તમને
એની એકાદ કરચલી પણ ખૂંચે નહીં
એના શ્વાસ,
હાથ અને હથેળીની ગતિ
બધું વહાલું વહાલું લાગે છે.
આ મા છે.

## બાળ મિત્રો,

હમણાં તાજેતરમાં જ 'મધર્સ ડે' ઉજવાઈ ગયો. તમે બધાંએ મમ્મીને 'કાર્ડ' કે ચૉકલેટ આપીને કદાચ **Wish** પણ કર્યું હશે.

'મમ્મી' એ માત્ર સરસ જમાડે - તૈયાર કરે - કાળજી રાખે - એટલું જ નથી કરતી. પણ તમારી મિત્ર પણ બની જાય છે. તમે એકલા પડી જાઓ ત્યારે વાતો કરે છે, રમતો રમે છે, તમને ગમતી ફિલ્મ જોવા લઈ જાય છે, બગીચામાં ફરવા લઈ જાય છે, અઘરાં લાગતા હૉમવર્કમાં મદદ કરે છે. લિસ્ટ બહુ મોટું બની જાય તેમ છે. એમ સમજો ને કે, મમ્મી વગર તમારાં કેટલાયે કામ અટકી પડે. રોજેરોજ તમારી સાથે ને સાથે રહે એટલે એ કેટલી બધી મદદરૂપ થાય છે તે ખબર નથી પડતી. પણ બે દિવસ માટે જ બહાર ગામ જાય તો ખબર પડે કે 'મમ્મી' વગર કેમ ચાલતું નથી?

તો, તમારે પણ મમ્મી માટે કંઈક કરવું જોઈએ. શું કરવું જોઈએ? તો માત્ર એક જ કામ મમ્મી માટે કરવા માગતા હો તો એટલું જ કરવું કે 'જૂઠ્ઠું' ના બોલવું. કયારેય મમ્મી-પપ્પાને છેતરવા નહીં. ગમે તેવી તમારાથી ભૂલ થઈ હોય તો પણ મમ્મી-પપ્પાથી છૂપાવવી નહીં. અને મૂંઝાયા વિના જે કંઈ હોય તે સાચો સાચું જણાવી દેવું. મમ્મી-પપ્પા ભૂલ માટે ઠપકો આપશે પણ રસ્તો પણ એ જ સૂઝાડશે. અને તમારી મુશ્કેલીમાં મદદરૂપ થશે.

મમ્મી-પપ્પાના આપણા પર ઘણાં ઉપકાર છે. તો આપણે એમને જૂઠાણું ચલાવીને છેતરીએ નહીં એટલું તો કરી જ શકીએ, અને એ જ 'મધર્સ ડે' ઉજવવાની સાચી રીત ગણાય. અને ત્યારે જ **Happy Mother's Day** કહેવાય.

## મધર્સ ડે

અમેરિકામાં માનું સન્માન કરવા માટે, દર મેં મહિનાના બીજા રવિવારે 'મધર્સ ડે' ઉજવવામાં આવે છે. માનું ઋણ સ્વીકારવા માટે આ દિવસ ઉજવાય છે. ૧૯૦૮ માં ફિલાડેલ્ફિયામાં સૌ પ્રથમ આ દિવસ ઉજવાયો હતો. હવે તો એ પશ્ચિમની દુનિયાનો સ્વીકૃત તહેવાર બની ગયો છે.